ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૨૩ ટકા

# શહેરના મેડિકલ સ્ટોરમાં ધસારો

## ઓકિસમીટર, નાસનું મશીન, લીમ્સી અને ફેબીફલ્યુ ખરીદવા માટે લાઈન

ગાંધીનગર, તા.૯

શહેરમાં ફરીથી કોરોનાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. સતત વધતા કોરોનાના કેસની સંખ્યા શહેરીજનોની કોરોનાના રોગ સામે લડવાની બેદરકારી દર્શાવી રહ્યું છે. જાન્યુઆરી મહિનાથી માર્ચના શરૂઆત સુધી કોરોના ફેલાવાની ગતિ ધીમી પડી હોય તેવું જણાઈ રહ્યું હતું પરંતુ ત્યારબાદ અચાનક કોરોના વિસ્ફોટ જોવા મળ્યો છે ત્યારે શહેરના સરકારી દવાખાનામાં કીડીયારું ઉભરાયું છે. કોરોના ટેસ્ટ કરાવવા માટે શહેરના હેલ્થ સેન્ટરમાં લાઈન થાય છે કે જે સાંજ સુધી પુરી જ નથી થતી. સરકારી દવાઓ દદી સુધી પહોંચી નથી શકતી ત્યારે પ્રાઈવેટ ડોકટર અને મેડિકલ ધારકોના ત્યાં હાલ લાઈન જોવા મળી રહી છે. જેમાં ખાસ ઓકિસમીટર, નાસનું મશીન, લીમ્સી અને ફેબીફલ્યુ સાથે એઝીયોમાઈસીનની ખાસ ડિમાન્ડ છે.

શહેરમાં કોરોનાના કેસ છેલ્લા પાંચેક દિવસથી ૫૦થી નીચે આવતા નથી ત્યારે શહેરના ઘરે ઘરે કોરોનાનો એક



કેસ છે તેમ કહેવું ખોટું નથી.

ડોકટર દ્વારા કોરોનાના દર્દીને ખાસ લીમ્સી, નાસનું મશીન અને ઓકિસમીટરથી શરીરના પ્લસરી માપવાનું જણાવાઈ રહ્યું છે. ત્રણ ટાઈમ નાસ લઈ આરામ કરવા સાથે શરીરમાં ઈમ્યુનિટી વધારવા લીમ્સી પણ દરેક ખરીદી રહ્યા છે. કોરોના હોય કે ન હોય ઝીંક અને લીમ્સી શહેરના અનેક પરિવારો પોતાની સેફટી માટે ખરીદીને દિવસમાં બે વાર લઈ રહ્યા છે. સાથે સામાન્ય કે કોરોનાના તાવ માટે એઝીયોમાઈસીન ડોકટરોની પ્રથમ પસંદગી છે શહેરના તમામ મેડીકલ ધારકો એઝીયો અને ફેબીફલ્યુ નામની ટેબલેટ ગ્રાહકોને આપતા થાકે છે. પણ ડીમાન્ડ વધતી જ જાય છે. આજે કોરોનાને જલ્દીથી મટાડવા માટે ફેબીફલ્યુ ફેમસ બની છે ત્યારે અમુક શહેરીજનો તો ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વગર પણ મેડીકલ ધારકો પાસે ફેબીફલ્યુ ખરીદવા જઈ રહ્યા છે. સાથે શહેરના મેડિકલ ધારકોનું કહેવું છે કે ગયા વર્ષ કરતા તો આ અઠવાડિયામાં દવા ખરીદવા આવનાર દર્દી અને તેમના પરિવારોની સંખ્યા વધુ છે. ઘણીવાર અમારે ત્યાં દવા કે ઓકિસમીટર ખુટી જાય છે અને સવારથી સાંજ દર્દીના પરિવારજનોની લાઈન લાગે છે.

આ પરથી કહી શકાય કે શહેરમાં કોરોના એ હદે વિસ્તર્યો છે કે જો પુરતું ધ્યાન આપવામાં નહિ આવે તો ફેલાવો અટકાવી નહિ શકાય. આ સમયમાં જયારે કોરોના સામે ફાઈટ કરવાની હોય ત્યારે શહેરીજનો અને ખાસ કરીને વૃધ્ધો કોરોના સામે ઝઝૂમી રહ્યા છે જેની સાબિતી છે શહેરના દવાખાના અને મેડીકલમાં જોવા મળતી શહેરીજનોની લાંબી લાઈન.



### શહેરી બસ અને સ્વીફ્ટ કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર શહેરના માર્ગો પર અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ત્યારે શહેરના ઘ માર્ગ પર ૬-૭ ના કટ પાસે સવારના સમયે સ્વીફટ કાર ઘ-૨ થી ઘ-૩ તરફ જઈ રહી હતી. તે સમયે ૬-૭ ના કટ પાસે શહેરી બસના ચાલકે અચાનક વળાંક લેતા બસ અને કારનો અકસ્માત થયો હોવાનું પ્રત્યક્ષદર્શીઓનું કહેવુ છે.જયારે કારનો આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો.




દેવાંશી એજયુકેશન ટ્રસ્ટ-ગાંધીનગર દ્વારા પથિકાશ્રમ સર્કલ પાસે, સેકટર-૭-ગાંધીનગર ખાતે ફ્રી ઠંડી અને મસાલેદાર છાશ વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત અવરજવર કરતી ૫૦૦ જેટલી જાહેર જનતાએ આ સેવાનો લાભ લધો હતો. વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને સોશ્યલ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્ક પહેરવાના નિયમનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.

## હવે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર સહિત ૧૦ સ્ટાફ મેમ્બર્સ સંક્રમિત

### નિફટમાં ૨ પ્રાધ્યાપકો સહિત વધુ ૪ કોરોના પોઝિટીવ

ગાંધીનગર, તા.૯

પાટનગરમાં કોરોના સંક્રમણ એક પછી એક સંસ્થાઓને પોતાની ઝપેટે લેવા માંડયુ છે. પહેલા આઈઆઈટી ગાંધીનગર કેમ્પસમાં એક સાથે ૨૫ જેટલાં વિદ્યાર્થીઓ સંક્રમિત થયા હોવાના અહેવાલો માધ્યમોમાં ચમકયા હતા, ત્યારબાદ શહેરની ફેશન ડિઝાઈન સંસ્થા 'નિફટ'માં કોરોના સંક્રમણના ૧૩થી વધુ કેસ આવ્યા હોવાના સમાચાર જાણવા મળ્યા હતા. હવે શહેરમાં શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલી વધુ એક સંસ્થા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પણ કોરોના સંક્રમણની ઝપટે ચડવા પામી છે અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં રજીસ્ટ્રાર સહિત ૧૦ વ્યકિતઓ કોરોના સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.

શહેરના સેકટર-૨૦ ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં રજીસ્ટ્રાર ઉપરાંત અન્ય સ્ટાફ મેમ્બર સહિત ૧૦ વ્યકિતઓ કોરોના પોઝિટીવ આવતાં ચકચાર મચી જવા પામી છે. એકાએક કોરોના કેસોને પગલે યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા તુરંત જ સંકુલને સેનેટાઈઝ કરાવવા સહિતના સલામતી વિષયક પગલાં હાથ ધરવાની તજવીજ કરવાનું આરંભી દીધું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હજુ ગઈકાલે શહેરના ઈન્ફોસિટી વિસ્તારની ફેશન ટેકનોલોજી ક્ષેત્રે જાણીતી સંસ્થા 'નિફટ' કેમ્પસમાં પણ ડાયરેકટર સહિત ૧૩ કર્મચારીઓ સંક્રમિત થયા હતા તેમાં હવે વધુ ૨ પ્રાધ્યાપકો અને અન્ય બે કર્મચારી સહિત ૩ સ્ટાફ મેમ્બર્સ અને તેમના પરિવારજનો કોરોના પોઝિટીવ થયા હોવાનું જાણવા મળ્યું છે. નિફટના સ્ટાફ તથા તેમના પરિવારજનો જે કોરોના પોઝિટીવ છે તેનો સાથે આંકડો માંડીએ તો આશરે ૪૦થી વધુ વ્યકિતઓ સંક્રમિત હોવાની શકયતા છે.

## વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૯

'વિશ્વ આરોગ્ય દિવસ' ૨૦૨૧ જેની થીમ એક સુંદર, તંદુરસ્ત વિશ્વનું નિર્માણ કરવું છે. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં 'વિશ્વ આરોગ્ય દિવસ' નિમિત્તે ૨૫ પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. પ્રદર્શનમાં પ્રાણાયામ, યોગાસન, આયુર્વેદ, પોષણ અને સ્વાસ્થયને લગતાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પુસ્તકો ગોઠવાયા હતા જેનો લાભ સંકુલના સેવકોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો દિશા દવે અને કિશન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર મનપાની ચુંટણી સ્થગિત રહેવાની અટકળો વચ્ચે ટીકીટ મેળવનારા ઉમેદવારોએ પ્રચાર જારી રાખ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના વોર્ડ નં. ૭ના ઉમેદવારોએ મીના બજારના ગેટ પાસે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કર્યુ હતું. કોરોનાની મહામારી વચ્ચે કર્મચારીઓએ ઉકાળાનો લાભ લીધો હતો.

## બેંક ઓફ ઈન્ડિયાના સ્ટાફમાં કોરોના સંક્રમણને પગલે બેંક બંધ કરાઈ






ગાંધીનગર, તા.૯

શહેરમાં કોરોના સંક્રમણ ખૂબ જ ગંભીર રીતે આગળ વધી રહ્યું છે અને સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ તથા હવે બેંકના કર્મચારીઓ પણ કોરોના વાયરસની લપેટે ચડવા પામ્યા છે. આજે શહેરની મધ્યમાં સેકટર-૧૬ ખાતે બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં ત્રણ કર્મચારીઓ તથા એક સિકયુરિટી ગાર્ડ કોરોના પોઝિટીવ આવતા તુરંત જ બેંક બંધ કરી દેવામાં આવી હતી જેના કારણે ગ્રાહકોના આર્થિક વ્યવહારો અટકી પડયા હતા અને બેંક પર પહોંચેલા ગ્રાહકોને ધરમધક્કા પડયા હતા. આ સાથે બેંકની શાખાને સેનેટાઈઝ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ચાવડા રણજીતસિંહ નાથુજી, સેકટર-૨૪
- સ્વ. ઠાકોર ગોવિંદજી બાબુજી, ઉ.વ. ૨૬, ઉનાવા
- સ્વ. ત્રિવેદી દક્ષાબેન વિષ્ણુપ્રસાદ, ઉ.વ. ૬૫, સેકટર-૪
- સ્વ. રાવળ લીલાબેન અંબાલાલ, ઉ.વ. ૫૫, છત્રાલ, કલોલ
- સ્વ. રાણા રંજનબા ભરતસિંહ, ઉ.વ. ૫૫, ધણપ
- સ્વ. વ્યાસ શાંતાબેન જીવણભાઈ, ઉ.વ. ૬૦, ઈન્ફોસીટી
- સ્વ. જોષી આનંદીબેન શકરાભાઈ, ઉ.વ. ૮૫, ધણપ
- સ્વ. મીચાવરા અશોકકુમાર દેવજીભાઈ, ઉ.વ. ૭૧, સેકટર-૨
- સ્વ. ચાવડા કલાબા બાબુસિંહ, ઉ.વ. ૭૦ આનંદપુરા (અંબોડ)
- સ્વ. વાઘેલા વિશાલબા અજીતસિંહ, ઉ.વ. ૪૮, પેથાપુર
- સ્વ. પ્રજાપતિ શીતલ જતીન, ઉ.વ. ૪૦, સેકટર-૨૦
- સ્વ. વાઘેલા જશીબા રામજી, ઉ.વ. ૫૫, કોલવડા
- સ્વ. પટેલ માધાભાઈ મગનદાસ, ઉ.વ. ૬૦, ઈટાદરા, માણસા
- સ્વ. પરમાર અંબિકાબેન કાંતિલાલ, ઉ.વ. ૭૧, સેકટર-૩૦
- સ્વ. સલાટ પ્રહલાદભાઈ પિતામ્બરભાઈ, ઉ.વ. ૮૫, ચિલોડામોટા
- સ્વ. પરમાર પુષ્પનસિંહ લક્ષ્મણસિંહ, ઉ.વ. ૭૭, સેકટર-૨૪
- સ્વ. પરમાર ગંગાબેન જીવાભાઈ, ઉ.વ. ૭૭, કાંકરીયા, અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ ચેતનાબેન દિનેશભાઈ, ઉ.વ. ૪૬, ડભોડા
- સ્વ. નાયક નંદાબેન કાંતિભાઈ, ઉ.વ. ૫૬, બોરીજ
- સ્વ. પરમાર કાન્તાબેન જોઈતારામ, ઉ.વ. ૬૭, સેકટર-૨૭
- સ્વ. ગોહિલ હંસાબેન ભરતભાઈ, ઉ.વ. ૩૮, સેકટર-૧૯
- સ્વ. ઠાકોર નાનીબેન અંદરજી, ઉ.વ. ૭૯, ડભોડા
- સ્વ. હાથી જયોત્સનાબેન અનિલભાઈ, ઉ.વ. ૬૫, કુડાસણ
- સ્વ. વોરા કમલેશ દેવેન્દ્રરાય, ઉ.વ. ૬૫, પેથાપુર
- સ્વ. પંડિત કિશોરકુમાર હેમંતકુમાર, ઉ.વ. ૭૨, વાવોલ, નારાયણનગર
- સ્વ. ચુનારા કમુબેન કાનજીભાઈ, ઉ.વ.૭૦, બોરીજ

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ. વાઘેલા તીકાબા રણજીતસિંહ, ઉ.વ. ૬૬, સેકટર-૨
- સ્વ. પટેલ હીરાબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૮૭, રાયસણ
- સ્વ. પટેલ પ્રફુલભાઈ પી., ઉ.વ. ૬૬, નરોડા, અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ રમેશભાઈ વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૫૫, ડીંગુચા, કલોલ
- સ્વ. પટેલ રમેશભાઈ નારણભાઈ, ઉ.વ. ૮૪, વાવોલ
- સ્વ. વૈદ્ય જગદીશ જીવણલાલ, ઉ.વ. ૬૮, સેકટર-૨
- સ્વ. ઠાકોર સીતાબેન શકરાજી, ઉ.વ. ૫૮, સુરજ, મહેસાણા
- સ્વ. ઠક્કર મનુભાઈ ભારમલભાઈ, ઉ.વ. ૬૮, ધુમાસણ, કડી

# ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વયંભૂ લૉકડાઉન

### પહેલા લવારપુર પછી ખોરજ અને હવે ચિલોડા, મહુન્દ્રા તથા અડાલજ વગેરે ગામોમાં પંચાયત દ્વારા મીની લોકડાઉનના આદેશો : બહારની વ્યકિતઓ માટે પ્રવેશબંધી : ફરજિયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવા આદેશ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનું તાંડવ મચી જવા પામ્યુ છે અને ચોતરફ કોરોના પોઝિટીવ કેસોનો જાણે રાફડો ફાટયો છે જેના કારણે સર્વત્ર ચિંતાનો માહોલ સર્જાવા પામ્યો છે. ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોના વિસ્ફોટ થતાં ગ્રામીણ જનતા ચિંતાતુર બની છે અને સાવચેતીના ભાગરૂપે એક પછી એક ગામોમાં સ્વયંભૂ લૉકડાઉન જાહેર કરવામાં આવી રહ્યા છે. સૌથી પહેલા ગાંધીનગરના લવારપુર ગામે લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જે પછી ખોરજ, મહુન્દ્રા અને ચિલોડા ગામોએ પણ સ્વૈચ્છિક લૉકડાઉનનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત અડાલજ ગ્રામ પંચાયતે પણ બપોરે ૧ વાગ્યા પછી લૉકડાઉન પાળવા વેપારીઓને અપીલ કરી છે.

ગાંધીનગરના લવારપુર ગામે ૧૦ દિવસ સુધી દુકાનો અને બજાર માત્ર બપોરે ૧૨ વાગ્યા સુધી જ ખુલ્લા રાખવા અને અગત્યનું ના હોય ત્યાં સુધી ગ્રામજનોએ કામ વગર બહાર નીકળવું નહી તેવો



નિર્ણય ગામના અગ્રણીઓ તથા પંચાયત દ્વારા લેવામાં આવ્યો હતો. આ પછી ખોરજ ગામમાં કોરોના વિસ્ફોટ થતાં ત્યાં પણ ગ્રામજનોએ સ્વૈચ્છિક લૉકડાઉનનો નિર્ણય લીધો છે, હવે મોટા ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા સતત વધતા કોરોના કેસોને કારણે તકેદારીના ભાગરૂપે મીની લૉકડાઉન જેવા નિર્ણયો જાહેર કરવામાં આવ્યા છે જેમાં તમામ દુકાન, લારી ગલ્લા-પાથરણાં સહિતના બજાર સવારે ૭ થી બપોરના ૨ વાગ્યા સુધી જ ચાલુ રાખવા અને ગ્રામજનોએ ટોળે વળવાનું બંધ કરી કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવાના નિર્ણયો જાહેર કરાયા છે. જે તા. ૧૦મી એપ્રિલથી તા. ૩૦મી એપ્રિલ સુધી ગ્રામજનોએ સ્વૈચ્છિક રીતે પાલન કરવા જણાવાયું છે. આ સાથે ચિલોડા પાસેના મહુન્દ્રા ગામે પણ દુકાનો તથા દૂધ-શાકભાજી, પાનના ગલ્લા, કરિયાણા વગેરેના વેપાર ધંધા સવારે ૭ થી ૧ તથા સાંજે ૫ થી ૮ દરમિયાન જ ચાલુ રાખવા અને બાકીના સમયમાં ગામમાં લૉકડાઉનની સ્થિતિ અમલમાં રાખવા ગ્રામ પંચાયત દ્વારા આદેશ કરાયો છે. આ મીની લૉકડાઉન તા. ૨૩મી એપ્રિલ સુધી લાગુ પાડવામા આવ્યું છે. જેમાં ગામમાં બહારથી આવતા નાગરિકો માટે પ્રવેશબંધી પણ ફરમાવવામાં આવી છે અને ફરજિયાત માસ્ક પહેરવાનું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનો આદેશ કરવામાં આવ્યો છે. સતત વધી રહેલા કોરોના સંક્રમણ સામે ગ્રામ્ય વિસ્તારોએ હવે સ્વયંભૂ લડત આપવાનો નિર્ણય કરી લીધો છે.

### આજથી ગિયોડ અંબાજી મંદિર પણ ૨૦ એપ્રિલ સુધી બંધ રહેશે

ગાંધીનગર તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ગિયોડના શકિત મંદિર અંબાજી ટ્રસ્ટ દ્વારા કોરોના સંક્રમણની ગંભીર પરિસ્થિતિને પગલે દર્શનાર્થીઓની સલામતી તથા સ્વાસ્થ્યની જાળવણીને ધ્યાનમાં રાખીને તા. ૧૦મી એપ્રિલથી તા. ૨૦મી એપ્રિલ સુધી અંબાજી માતાજીનું મંદિર સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેના પગલે મંદિરના તમામ મુખ્ય દરવાજા બંધ રાખવામાં આવશે તેવું મંદિર સંચાલકો દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## જન્મદિને વધામણી



ઉષાબેન ક્રિશ્ચિયન
મો. ૭૦૯૯૩ ૪૨૪૦૯



શૈલેન્દ્ર વી. સોલંકી
પ્રેસ ફોટોગ્રાફર,
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



ચીમનભાઈ આર સોલંકી
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬



હિતેષ ચાંગલાની



પરમહંસ સ્વામી
સ્વામીનારાયણ ગુરૂકુલ સે-૨૩
મો. ૬૩૫૨૬ ૦૧૬૫૦



રવિરાજસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા પૂંઠામાંથી પક્ષીઓનો માળો બનાવવાની ઓનલાઈન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે તા. ૧-૩-૨૦૨૧નો ગુરુવારે



પૂંઠામાંથી પક્ષીઓનો માળો બનાવવાની ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૩૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વાલીશ્રીઓના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ઉત્સાહપૂર્વક વિવિધ અને સુંદર માળા બનાવ્યા હતા. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.